
# ડીસા તાલુકાના જુના ડીસા ગામે જૂથ અથડામણ

ડીસા, તા. ૧

ડીસા તાલુકાના જુનાડીસા ગામે ગતમોડી રાત્રે જન્માષ્ટમી પર્વ સમયે થયેલ એક તકરારની અદાવતમાં બે જુથો બાખડ્યા હતા. જેમાં પાંચથી વધુ વ્યક્તિઓના માથા અને હાથ પગો પર ગંભીર ઈજાઓ થઈ હતી. જેઓને તાત્કાલીક ડીસા સિવિલ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાયા હતા. આ મામલે ડીસા તાલુકા પોલીસે પાંચ ઈસમો વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

આ ઘટના અંગેની ડીસા તાલુકા પોલીસ મથકે નોંધાયેલ ફરીયાદ મુજબની વિગતો જોઈએ તો જન્માષ્ટમીના દિવસે મેળામાં ઠાકોર અને માળી સમાજના લોકો વચ્ચે કોઈ કારણથી તકરાર થઈ હતી. જો કે, તે વખતે આજુબાજુના લોકો વચમાં પડતા મામલો શાંત પડ્યો હતો. ત્યારે ગત રાત્રે ઉભી રહેલી આ અદાવત પાછી સક્રિય થઈ હતી. અને મનોજભાઈ અભેસિંહ ઠાકોર નામનો ઈસમ રાજપુરથી જુનાડીસા જઈ રહ્યો હતો. ત્યારે તેને આરોપી એવા સુરેશભાઈ ભેમાભાઈ માળીએ ઉભી રાખી તકરાર કરી હતી. અને તે બાદ અન્ય રાજેશકુમાર અભેસિંહ ઠાકોર વચમાં આવતાં આરોપીએ તેમના માથામાં તલવાર મારી હતી. તેમજ સુરેશ પ્રભાતસિંહ માળીને ડાબા હાથ પર લાકડી મારી હતી. જ્યારે અન્ય પીડીત વિણાબેનને કપાળમાં લાકડી ફટકારી હતી. તેજ રીતે હુમલાખોરોએ મનોજ અભેસિંહ ઠાકોરના માથામાં લાકડી ફટકારી હતી. આમ પાંચ જેટલા હુમલાખોરોએ એક સંપથી પ્રાણ ઘાતક હથિયારોથી સજ્જ બની તેમની અંગત અદાવતની પટાવટે અનેકોના માથા ભાગ્યા હતા. આ જંગ વધુ લોહીયાળ બને તે પહેલા જ ડીસા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને પરિસ્થિતિને પોતાના અંકુશમાં લીધી હતી. આ મામલે ડીસા તાલુકા પોલીસે પીડીત ફરીયાદી રાજેશકુમાર અભેસિંહ ઠાકોરની ફરીયાદના આધારે આરોપી સુરેશ પ્રેમાભાઈ માળી, વિનોદભાઈ ચમનભાઈ માળી, જીતુભાઈ કાંતીભાઈ માળી, હંસાબેન કનુભાઈ માળી, તેમજ દશરથભાઈ બબાભાઈ માળી તમામ રહે. જુના ડીસાવાળાઓ વિરૂદ્ધમાં રાયોટીંગની ફરીયાદ દાખલ કરાવેલ છે. જેની વધુ તપાસ ડીસા તાલુકા પી.એસ.આઈ.બી. કે. પરમાર ચલાવી રહ્યા છે.



સાબરકાંઠા જિલ્લાનાં મોડાસા, ઈડર અને હિંમતનગર મળી ત્રણે સ્થળે પરના ૪૭ કેન્દ્રો પર રવિવારે ટાટે-૨ની પરીક્ષા શાંતિપૂર્ણ યોજાઈ હતી. જેમાં ૧૫૫૫૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૩૬૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# પાક વિમા પ્રશ્ને ખેડૂતોને ગેરમાર્ગે દોરવાને બદલે કેન્દ્ર સરકાર વિમાની રકમ જાહેર કરે

ગાંધીનગર, તા. ૧

પાક વિમાના પ્રશ્ને ખેડૂતોને ગુમરાહ કરવાનું કામ કોંગ્રેસ અને અન્ય ભા.જ.પ. વિરોધી તત્વો બંધ કરે તેમ રાજ્યના રાજ્ય કક્ષાના કૃષિ મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલે એક નિવેદનમાં જણાવેલ છે. ખરીફ-૨૦૧૨ પાક વિમાના ચુકવણા બાબતે કોંગ્રેસ દ્વારા બીન જવાબદાર ખોટા નિવેદનો કરી ખેડૂતોના જખમ પર નમક લગાવવાનું કામ કર્યું છે. શ્રી પટેલે વધુમાં જણાવેલ છે કે, ખેડૂતો કુદરતી આફત સામે રક્ષણ મેળવવા પાક વિમો લેતા હોય છે, અને નબળા વર્ષમાં આ દાવાની રકમ સમયસર મળે તે તેમનો અધિકાર છે.

ક્રોપ કટીંગ કરી તેના આધારે કેટલો વિમો ચુકવવો તેની વિગતો રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા, કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલ તારીખ સુધીમાં રાષ્ટ્રીય વિમા કંપનીને મંજુરી અર્થે મોકલવાની હોય છે અને કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી વિમા કંપની દ્વારા કયા તાલુકામાં કેટલા ટકા વિમો ચુકવવો તે જાહેર કરવામાં આવતો હોય છે.

ચાલુ વર્ષે આવી પ્રક્રિયા નિયત સમયમાં પૂર્ણ કરી રાજ્ય સરકાર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલી છે. ઉપરાંત કેન્દ્ર સરકાર અને વિમા કંપનીના તમામ જવાબદાર અધિકારીઓ પણ એ વાત ખૂબ સારી રીતે જાણે છે કે સમગ્ર રાજ્યમાં ખરીફ-૨૦૧૨નો પાક નિષ્ફળ ગયેલ છે. આમ છતાં આજદિન સુધી કેન્દ્ર સરકાર અને વિમા કંપની દ્વારા આ પાક વિમાની રકમ કયા તાલુકામાં કેટલી ચુકવવી તે જાહેર કરવામાં આવ્યું નથી. વિમાના દાવા પેટે રાજ્ય સરકારે વિમા કંપનીને આપવાની થતી રકમ પેટે રૂ. ૪૧૨ કરોડ જેટલી રકમ ચૂકવી આપી પોતાની જવાબદારી નિભાવેલ છે. પરંતુ કેન્દ્ર સરકાર અને વિમા કંપની દ્વારા તાલુકા દીઠ ટકાવારી જાહેર નહિ કરી વિમાની રકમ અટકાવી રાખેલ છે.

આર્થિક નુકસાની વેઠી રહેલ ખેડૂતોનું હિત જોયા વગર કેન્દ્ર સરકાર અને વિમા કંપની દ્વારા પાક વિમાના પ્રશ્ને ગંદુ રાજકારણ ખેલવાની એક પણ તક જતી ન કરવી હોય તેમ તાજેતરમાં ગુજરાત રાજ્યના ૧૮ તાલુકાઓને પાક વિમો ચૂકવવામાં આવેલ અને કોંગ્રેસી મિત્રો દ્વારા જશ ખાટવા જાહેરાત કરવામાં આવે છે કે આ વિમો અમોએ મંજુર કરાવેલ છે ત્યારે તેમને મારે એટલું જ પુછવાનું છે કે ગુજરાતના ૧૮ તાલુકામાં પાક વિમો મંજુર કરવામાં આવેલ છે તે સિવાયના બાકીના તાલુકાઓના ખેડૂતો શું તમારા દુશ્મન છે ? ગુજરાતના ખેડૂતોને આ પ્રશ્નનો જવાબ આપવો જોઈએ.

હકીકતમાં કોંગ્રેસી મિત્રો આ ૧૮ તાલુકાનો વિમો મંજુર કરાવવાનું નહિ પરંતુ અન્ય તાલુકાઓના ખેડૂતોના હક્કના વિમાના દાવાની ચુકવણી રોકવાનું પાપ કરી રહ્યા છે.

# બુટાલ ગામના તળાવમાંથી મગર પકડાયો : લોકોમાં રાહત

ધનસુરા, તા. ૧

ધનસુરા તાલુકાના બુટાલ ગામના ચિલિંગ સેન્ટર પાછળ આવેલ તળાવમાં મગર હોવાની માહિતી મળતા મગરને જોવા ગામ લોકોના ટોળા ઉમટ્યા હતા અને મગરને પકડવા માટે વન વિભાગની ટીમ પણ આવી હતી. પરંતુ મગર પકડાયો નહોતો. પરંતુ ગતરોજ રાત્રીના સુમારે તળાવમાંથી બહાર મગરને ગામના લોકોએ જોતા પોલીસને જાણ કરી હતી. ધનસુરા પોલીસમથકના પી.એસ.આઈ. એ.કે. વાળા તુરંત બુટાલ ગામે પહોંચ્યા હતા. જ્યાં એક મકાનની આગળ રાત્રીના અંધારામાં મગર ચાલતો જતો હતો. ત્યારે મગર ઉપર ખાટલો નાંખીને પી.એસ.આઈ. વાળાએ મગરને પકડી લીધો હતો. અને મગરને વાત્રક નદીમાં છોડી મુક્યો હતો. ગામમાંથી મગર પકડાઈ જતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. ચાલુ વર્ષે વરસાદ વધુ થતા તળાવો, પાણીથી ભરાતા જળચળ પ્રાણીઓ આવતા હોવાનું લોકોનું માનવું છે.

# ભિલોડા તાલુકાના શોભાયડાના આધેડને ગડદાપાટુનો માર મારતા કરૂણ મોત

ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શોભાયડા ગામના આધેડને ગળદાપાટુનો માર મારતા કરૂણ મોત નિપજતાં ત્રણ ઈસમો વિરૂધ્ધ હત્યાનો ગુનો શામળાજી પોલીસ સ્ટેશનમાં દર્જ કરાયો છે. શામળાજીના આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ચાર મિત્રોએ સાથે બેસી હોંશે-હોંશે દારૂ પીધા બાદ બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો. પ્રકાશભાઈ સીંગાભાઈ હડુલા અને શંકરભાઈ નાનજીભાઈ ભાટ આ બંન્ને ઈસમો બાઈક લઈને રાત્રે ફરવા ગયા હતા. શોભાયડા પાસે આવેલા ગરનાળા પાસે પહોંચ્યા તે દરમ્યાન તેમનો મિત્ર દિનેશભાઈ સળુભાઈ તબીયાડ ત્યાં આવી પહોંચતાં આ ચાર ઈસમોએ ભેગા મળી ખુબ હોંશે-હોંશે દારૂ પીધો હતો. દારૂના નશામાં છાટકા બનેલા આ ચાર મિત્રો વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં ત્રણ મિત્રોએ શોભાયડાના આધેડને દારૂના નશામાં ચકચુર બની પેટના ભાગે ગંભીર રીતે ગળદાપાટુનો માર મારતા બાબુભાઈ શકરાભાઈ કટારા બેહોશ થઈ ઘટનાસ્થળે ઢળી પડ્યા હતા. ભાનમાં આવ્યા પછી તેમના ઘરે પહોંચતાં તેમને પેટમાં અસહ્ય દુઃખાવો થતો ત્યારે ભિલોડા સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા પરંતું સારવાર દરમ્યાન બાબુભાઈ શકરાભાઈ કટારા આશરે ઉંમર.૫૫ રહેવાસી. શોભાયડા, તા.ભિલોડાનું કરૂણ મોત નિપજ્યું હતું. ભિલોડા સીવીલ હોસ્પિટલના મેડીકલ ઓફીસરોએ પી.એમ.કરી લાશ પરીવારજનોને સોંપતાં પીરવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. આ હત્યાના બનાવ સંદર્ભે દિલીપભાઈ કટારાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ત્રણ હત્યારાઓ વિરૂધ્ધ હત્યાનો ગુનો દર્જ કરી આઈ. પી. સી. કલમ ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ. ડી. ચંદ્રવાડીયા નાસતા ફરતા આરોપી હત્યારાઓની ધરપકડ કરવા માટેના ચક્રો ગતીમાન કરેલ હોવાનું જાણવા મળેલ છે.

# સાબરકાંઠામાં ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ૩૦૦થી વધુ વેપારીઓને નોટીસ

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લામાં કરચોરો સામે આકરા પગલા ભરવામાં આવતા હોવા છતાં વર્ષે દહાડે કરોડો રૂપિયાની કરચોરી થતી હોવાની ગુપ્ત માહિતી ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીને મળતા તાજેતરમાં ૩૦૦થી વધુ વેપારીઓને નોટીસ ફટકારવામાં આવી હતી. જેના કારણે વેપારી આલમમાં ખળભળાટ મચી ગયો છે. શેરબજારમાં નાણાંનું રોકાણ થતું હોવાની માહિતીના આધારે તપાસ હાથ ધરાઈ હોવાનું સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં જમીન લે-વેચનો ધંધો કરનાર દલાલો, બિલ્ડરો, ફાઈનાન્સરો તથા તબીબો વિરૂદ્ધ અવારનવાર ઈન્કમટેક્ષ દ્વારા દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવતી હોય છે. થોડાક દિવસો અગાઉ હિંમતનગરના ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓએ ફાઈનાન્સ પેઢી પર દરોડા પાડી રૂપિયા બે કરોડની કરચોરી પકડી લીધી હતી તો કેટલાક વેપારીઓ દ્વારા શેરબજારમાં કાળા નાણાંનું રોકાણ કરતા હોવાની માહિતી મળતા ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શેરદલાલો તથા શેરબજાર સાથે સંકળાયેલ વેપારીઓ દ્વારા ડીમેટ એકાઉન્ટ ખોલાવીને શેરબજારમાં નાણાંનું રોકાણ કરતા હોય છે અને ડીમેટ એકાઉન્ટ દ્વારા શેરની ખરીદ-વેચાણ કરી નફો મેળવતા હોય છે. ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સી.આઈ.બી. એફ/૩૨૧ (ઈન્ફોર્મેશન કોડ) તથા ટી.ડી.એસ. એકાઉન્ટની ચકાસણી બાદ ૩૦૦થી વધુ વેપારીઓને નોટીસ આપવામાં આવી છે.

# ભિલોડામાં ચેઈન સ્નેચરોનો તરખાટ : પ્રજાજનો ભયભીત

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ચેઈન સ્નેચરોનો તરખાટથી પ્રજાજનો ભયભીત બન્યા અવાર-નવાર મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તોડી બજાજ પલ્સર અને ટી.વી.એસ.અપાચી જેવી હાઈસ્પીડ બાઈકો ધરાવતા યુવકો આંખના પલકારામાં ફરાર થઈ જાય છે ત્યારે મહિલાઓમાં અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હોવાનું જણાવા મળેલ છે. અવાર-નવાર ચેઈન સ્નેચીંગના બનાવો બનતા હોવાના કારણે મહિલાઓની સલામતી બાબતે ચિંતાનો પ્રાણ પ્રશ્ન ઉભો થયો હોવાનું જાણવા મળેલ છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના તાલુકા અને ગ્રામ્યવિસ્તારોમાં પોલીસ તંત્રને હંફાવવા મેદાને પડેલા ચેઈન સ્નેચરોનો તરખાટ દિન-પ્રતિદિન વધતો રહ્યો છે.

પોલીસ તંત્રની ઉંઘ હરામ કરતા ચેઈન સ્નેચરો હવે તો ગ્રામ્યવિસ્તારોમાં પણ ચેઈન સ્નેચીંગનો બનાવ પ્રકાશમાં આવ્યો છે ત્યારે તાજેતરમાં ઈડર તાલુકાના રેવાસ ગામની મયુરીબેન પટેલ દુધ મંડળીમાં દુધ ભરાવીને આવતા હતા તે દરમ્યાન ધોળા દિવસે બજાજ પલ્સર બાઈક ઉપર આવેલા ચેઈન સ્નેચરોએ મહિલાના ગળામાંથી સોનાનો દોરો તોડી ફરાર થઈ ગયા હતા. ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા રેવાસ ગામમાં ચેઈન સ્નેચીંગનો બનાવ બનતાં મહીલાઓ ભયભીત બની હતી. ભિલોડામાં તાજેતરમાં બે મહિલાઓના ગળામાંથી સોના દોરા તોડી ભાગી જવામાં ચેઈન સ્નેચરો સફળ નિવડ્યા હતા. ભિલોડા અને ઈડર તાલુકામાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચેઈન સ્નેચરો માટે હવે તો સ્વર્ગ સમાન બની રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ભિલોડા અને ઈડર તાલુકામાં અવાર-નવાર ચેઈન સ્નેચીંગના વધતા બનાવો દિન-પ્રતિદિન પ્રકાશમાં આવી રહ્યા છે ત્યારે પોલીસ તંત્ર ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તો ચેઈન સ્નેચરો ઝડપાઈ શકે તેમ લોકમુખે ચર્ચાય છે.



પાલનપુર ખાતે રેલવે કર્મ. અધિ. ના વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા કાનુભાઈ મહેતા હોલ ખાતે એક સમારોહ યોજાયો હતો. જેમાં મુંબઈ અમદાવાદ શ્રી યુનિ. ના અગ્રણીઓ અને સેક્રેટરી જે.આર. ભોંસલે, ડી.પી. સેક્રે. આર.સી. શર્મા, ડી.પી.ચેર એસ.કે. સિંગ, પ્રહલાદ હિંરાગરયા યુનિ. ચેર બી.પી. ગઢવી અને ઓનરરી મેમ્બર પૂર્વ હે. કીશન મિશ્રાજી અને કર્મ સભ્યો ઉપસ્થિત રહી પડતર પ્રશ્નો, ખાલી જગ્યા ભરવા પગાર પંચ અંગે વિચાર વિમર્શ કરાયો હતો. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# ધનસુરાના રામપુરમાંથી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો

ધનસુરા, તા. ૧

ધનસુરા તાલુકાના રામપુર ગામેથી ધનસુરા પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે રેડ પાડી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શામપુર ગામે રહેતા શૈલેષભાઈ ઉમેદભાઈ પરમાર પોતાના ઘરેથી વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરે છે. તેવી બાતમી મળતા ધનસુરા પોલીસ મથકના પી.એસ.આઈ. એ.કે. વાળાએ રેડ પાડી હતી. અને મકાનમાંથી વિદેશી દારૂની ૧૦ નંગ બોટલ તેમજ ૧૨ નંગ બીયરના ટીમ મળી કુલ રૂ. ૪૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી શૈલેષભાઈ ઉમેદભાઈ પરમારની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ગ્રામ્ય વિસ્તારમાંથી પોલીસે દરોડો પાડી બુટલેગરને ઝડપી પાડ્યો છે. ત્યારે ધનસુરામાં પણ કેટલીક જગ્યાએ દેશી-વિદેશી દારૂનું ધુમ વેચાણ થાય છે તેવું લોકમુખે ચર્ચાય છે. ધનસુરાના બુટલેગરોને પોલીસ રેડ પાડી ઝડપી પાડશે કે પછી બુટલેગરોના મસમોટા હપ્તાને કારણે પોલીસ આંખ આડા કાન કરશે ? તે હવે જોવું રહ્યું તેમ પ્રજા માની રહી છે.

# આડા હાથરોલ ગામ પાસેથી રૂ. ૮ લાખની કિંમતનું ૧૫૦ કિવન્ટલ લાકડું પકડાયું

ભિલોડા, તા.૧

ભિલોડા તાલુકાના આડા હાથરોલ ગામના બસ મથક પાસેથી એક ટર્બો ટ્રકમાંથી આશરે ૧૫૦ કિવન્ટલ લીલા લાકડા અને ટ્રક ઝડપાઈ છે જેની અંદાજે કુલ કિંમત રૂ. ૮ લાખ થાય છે. આ લીલા લાકડાનો ગોરખ ધંધો કરતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા આર.એફ.ઓ. વનરાજસિંહ ચૌહાણ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગ કરતો હતો તે દરમિયાન રવિવારના રોજ સવારે સાત વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાં કણજી અને અણીયારના ૧૫૦ કિવન્ટલ લીલા લાકડા પાસ પરમીટ વિનાની ટાટા ટર્બો ટ્રક નં. આર.જે. ૨૭ જી ૭૫૫૧માં લીલા લાકડા ઝડપાયા હતા. ભિલોડા આરએફઓ દ્વારા ટ્રક ડ્રાઈવર મુનીરખાન નિઝામખાન પઠાણ અને કડંકટર ઈમતીયાઝ અજીતખાન પઠાણ બંને રહે સલુમ્બર રાજસ્થાનના રહેવાસી છે. જેમના વિરુધ્ધ ભારતીય વન અધિનિયમની કલમ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી છે. આથી ડુંગરાળ વિસ્તારમાંથી લીલા લાકડાનું નિકંદન કાઢી બેરોકટોક રીતે લાકડા વેચતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# રમોસ રોડ પર મહિલાના ગળામાંથી દોરાની તફડંચી કરનાર આરોપી ઝડપાયા

ધનસુરા, તા. ૧

અરવલ્લિ જિલ્લાના મોડાસા રમોસ રોડ ઉપર રમોસના હિનાબેન નરેશભાઈ પટેલના દીકરા પાર્થની દવા લેવા માટે પ્લેજર સ્કૂટર ઉપર મોડાસા તરફ જઈ રહ્યા હતા ત્યારે દવા લી રમોસ પરત આવતા રસ્તામાં શિણોલ રોડ ઉપર બે બાઈક સવારો ચાલુ બાઈકે પ્લેજર નજીક આવી મહિલાનો સોનાનો દોરો તોડવા જતા હતા ત્યારે બિનાબેને ગભરાઈ જતાં દિકરા સાથે સ્કૂટર ઉપરથી નીચે પડી ગયા હતા ત્યારે બાઈક ઉપર પાછળ બેસેલ સવારે હીનાબેન પાસે જઈ ગળામાંથી સોનાનો દોરો તોડી લીધો હતો અને ભાગવા જતાં હિનાબેને હિંમત કરી રોડ ઉપર પડેલ પથ્થરો છુટા મારતાં આ બન્ને બાઈક સવારો બાઈક તેમજ નીચે પડી ગયેલ મોબાઈલ મુકી અંદાજે અઢી તોલાનો સોનાનો દોરો લઈ ભાગી છૂટ્યા હતા. આ બન્ને ભાગેલા શખ્સો ચોપલા ગામ પાસેથી લોકોએ ઝડપી લઈ ધનસુરા પોલીસને હવાલે કર્યા હતા. બન્ને કુરેશી અને ચુમારા અટકના હતા અને સત્રીસ વયના હોવાનું જાણવા મળેલ છે.

# ઊંઝા વૈકુંઠધામ સોસાયટીના બંધ મકાનમાં ઘરફોડ ચોરી

ઊંઝા, તા.૧

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે ઘરફોડ, વાહન અને મંદિર ચોરીઓનો ઉપદ્રવ વધી જતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે. ઊંઝા ખાતે વૈકુંઠધામ સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદરથી સોના ચાંદીના દાગીના તેમજ કપડાં મળી કુલ ૭૦ હજારની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ નોંધાવેલ છે.

ઊંઝા ખાતે કડવા પાટીદારોના કુળદવી શ્રી ઉમિયા માતાજી મંદિરના પૂજારી દિલિપભાઈ ત્રિવેદીના વૃધ્ધ માતૃશ્રી વૈકુંઠધામ સોસાયટીમાં રહે છે. આ વૃદ્ધા મકાન બંધ કરીને સિધ્ધપુર ગયા હતા તે દરમિયાન આ બંધ મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. રાત્રિના સમયે તસ્કરોએ મકાનની બારીના સળિયા તોડી અંદર પ્રવેશી તિજોરી કબાટમાંથી સોના ચાંદીના દાગીના તેમજ કપડાં વગેરે મળી કુલ ૭૦ હજારની કિંમતની મત્તાની ઉઠાંતરી કરી કયાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આગીયોલના ગૃહસ્થે ટ્રેન નીચે પડતું મુકી મોતને વ્હાલુ કર્યું

હિંમતનગર, તા.૧

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાંથી પસાર થતી ખેડબ્રહ્મા-અમદાવાદ રેલવે લાઈન પર આવેલ ધાણધા ફાટક પાસે શનિવારે સાંજના સુમારે આગીયોલ ગામના એક ગૃહસ્થ અગમ્ય કારણોસર ટ્રેન નીચે પડતું મુકી મોતને વ્હાલુ કરી દીધું હતું. જે અંગે ટાઉન પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાના આગીયોલ ગામના રમેશકુમાર લક્ષ્મીશંકર મહેતા (ઉ.વ.૫૮) ગામની દૂધ ડેરીમાં ટેસ્ટર તરીકે ફરજ બજાવતા હતા. દરમિયાન તેમણે અગમ્ય કારણોસર શનિવારે સાંજના સુમારે ખેડબ્રહ્માથી અમદવાદ જતી ટ્રેનની રાહ જઈ રહ્યા હતા. જયારે ટ્રેન આવતી દેખાઈ ત્યારે તેઓ રેલવેના પાટા પર પડતું મુકયું હતું. જેથી તેમના પર થઈને ટ્રેન પસાર થઈ જતાં તેમના શરીરનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો. જોકે આ અંગે ટ્રેનના ગાર્ડને જાણ થતાં તેમણે તરત જ ટ્રેનને થોભાવી દીધી હતી. ત્યારબાદ હિંમતનગર રેલવે પોલીસ અને ટાઉન પોલીસ સ્ટેશને જાણ કરી હતી. જેથી પોલીસે ઘટના સ્થળે આવી સ્થળ નિરીક્ષણ કરી લાશનો કબ્જો મેળવી ઘટના સ્થળે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન